ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૧/૫૦૮૪

કમિશ્નર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૯/૦૩/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : "આઝાદીના અમૃત મહોત્સવ" અન્વયે વિવિધ કાર્યક્રમોની ઉજવણી બાબત.
સંદર્ભ : રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક: યસપ/૧૦૨૦૨૧/GoI 10/ગ, તા.૦૪/૦૩/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના પત્ર તથા ભારત સરકારશ્રીના સૂચના અને પ્રસારણ મંત્રાલયના તા.૦૩/૦૩/૨૦૨૧ ના પત્ર અનુસાર આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી "આઝાદીના અમૃત મહોત્સવ" વર્ષ ૨૦૨૨ ના સ્વતંત્રતા દિવસના ૭૫ અઠવાડિયા પૂર્વેથી લઇને સ્વતંત્રતા દિવસ-૨૦૨૩ સુધી ચાલનાર છે. જેની ઉજવણીની શરૂઆત તા.૧૨/૦૩/૨૦૨૧ થી તા.૦૫/૦૪/૨૦૨૧ સુધી ૨૫ દિવસના દાંડી માર્ચના કાર્યક્રમથી માન. પ્રધાનમંત્રીશ્રી દ્વારા કરવામાં આવનાર છે. જે અંતર્ગત નીચેની વિગતે દેશભરમાં અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

- આ સાથેની યાદી મુજબના ઐતિહાસિક મહત્વ ધરાવતાં ૭૫ સ્થળોએ યોજાનાર કાર્યક્રમમાં યુવા ક્લબો, NYK, NSS/NSO, NCC ના સ્વયં સેવકો દ્વારા ભાગ લેવામાં આવશે.
- અલગ-અલગ સ્થળોએ સાઈકલ રેલીનું આયોજન
- ભારતીય સ્વતંત્રતા સંગ્રામ ઉપર તા.૧૨ માર્ચ ૨૦૨૧ ના રોજ એક કલાકના conference/seminar/symposium નું આયોજન કરવું.
- આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ તે અંતર્ગત સ્કૂલ, QDC, જિલ્લા કક્ષાએ આત્મનિર્ભર ભારત, આઝાદીની ચળવળ, ઐતિહાસિક દાંડીયાત્રા, ગાંધીજીના વિચારો, વગેરે જેવા વિષયો પર ઉક્ત સમયગાળા સુધી ચાલનાર દાંડી માર્ચના કાર્યક્રમના સમય દરમિયાન નિબંધ સ્પર્ધાઓનું આયોજન કરવું તથા શાળામાં પ્રથમ ક્રમે આવનાર QDC કક્ષાએ, QDC કક્ષાએ પ્રથમ આવનારનું જિલ્લા કક્ષાએ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું

ઉક્ત વિગતો ધ્યાને લઈ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉ.મા. શાળાઓને જરૂરી સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

બિડાણ: ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગ.રા., ગાંધીનગર

જા.નં.જીએ૨૧/-૪૦૦૭
તા. ૧૦/૩/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર/જિલ્લાની તમામ શાળાઓ તરફ.
રવાના. ૨/- આપના તાબા હેઠળ રવાના કરી.